
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



લક્ષ્મીચંદ ત્રિકમદાસ બોરા
(૧૯૩૫)ફોન : ૨૩૨૧૦૫૨૮



સામંતભાઈ પુંજાભાઈ સોરઠીયા
(૧૯૪૭)ફોન : ૨૩૨૩૧૫૯૨




જીવનલાલ લક્ષ્મીચંદ શાહ
(૧૯૪૬)ફોન : ૨૩૨૩૦૬૫૪





અજીતસિંહ નાગજીભાઈ ભટ્ટ
(૧૯૪૮)ફોન : ૨૩૨૬૦૫૫૪

# એક મેગાવૉટનો સૌર ઊર્જા પ્રોજેક્ટ આજે દેશને અર્પણ

## દેશના સૌ પ્રથમ કેનાલ-ટોપ ઉર્જા પાવર પ્રોજેક્ટને લઈને ઉત્સુકતા : કેનાલમાંથી પાણીનું બાષ્પીભવન અટકી જશે







ગાંધીનગર, તા. ૨૩

કડી તાલુકાના ચંદ્રાસણ ગામે કેનાલ ટોપ સૌર ઊર્જા પ્રોજેક્ટનું લોકાર્પણ સમારોહ આજરોજ સાંજના ૪ કલાકે યોજાશે. સરદાર સરોવર પ્રોજેક્ટની સાણંદ બ્રાન્ચ કેનાલ પર દેશના પ્રથમ એક મેગાવોટના કેનાલ ટોપ સૌર ઉર્જા પાવર પ્રોજેક્ટને દેશને અર્પણ કરવાની પ્રક્રિયા આજે વિધિવત રીતે હાથ ધરવામાં આવશે આની સાથે જ પુનઃપ્રાપ્ત ઉર્જાક્ષેત્રે ગુજરાત વધુ એક મોટી સિદ્ધી મેળવશે. ગુજરાત દેશના સૌલાર હબ તરીકે ઉભરી રહ્યુ છે. કેનાલમાંથી પાણીનું બાષ્પીભવન આના લીધે અટકી જશે.

ગુજરાતની ભુમિ પર વિશાળમાત્રામાં ઉપલબ્ધ સૌર ઉર્જાને શક્તિ સાથે જોડીને વીજ ઉત્પાદન કરવાની દિશામાં આવો પ્રયોગ દેશભરમાં સૌપ્રથમ વખત ગુજરાત કરી રહ્યું છે. સાણંદ બ્રાન્ચ કેનાલની ૭૫૦ મીટર લંબાઈમાં ૧૬ મીટર પહોળાઇ ધરાવતી સોલાર પીવી પેનલ ગોઠવવામાં આવી છે. જેના દ્વારા એક મેગાવોટ સૌર ઉર્જાનું ઉત્પાદન કરવામાં આવશે. વળી, આ પ્રોજેક્ટના કારણે કેનાલમાંથી ૯૦ લાખ લીટર જેટલા પામીનું બાષ્પીભવન થતું અટકાવી શકાશે અને જમીનની બચત પણ થવા પામશે. જમીનના એક જ ટૂકડાના અનેક ઉપયોગનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

વિશ્વમાં અન્ય સ્થળોએ આ પ્રકારના પ્રોજેક્ટમાં સોલાર પીવી પેનલને સામાન્ય રીતે કેનાલ ડોક અને કેનાલ જહાજ પર ગોઠવવામાં આવી છે. આથી ડોક અથવા બોટની વીજળીની જરૂરીયાતોને પૂર્ણ કરી શકાય. યુકેની કેન્નેટ અને એવોન કેનાલ પર આ પ્રકારના પ્રોજેક્ટ કાર્યરત છે.

ઉલ્લેખનીય છે કે સરદાર સરોવર કેનાલ નેટવર્ક ૨૫૮૫ કિમીની લંબાઈ ધરાવતી ૩૮ બ્રાન્ચ કેનાલનો સમાવેશ થાય છે, જેમાંથી કેનાલનું કામકાજ પૂર્ણ થઈ ગયું છે. બ્રાન્ચ કેનાલમાં આશરે ૨૦૦૦ કિમીનું કામ પુર્ણ થઈ ગયું છે. સોલાર પીવી પેનલ બેસાડવામાં અનુકૂળ હોય તેવી કેનાલોને બાદ કરતાં બાકીની કેનાલો અંદાજ ૨૦૦૦ મેગાવોટ જેટલી સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. વળી, આના લીધે પાણીનું બાષ્પીભવન અટકશે અને વાર્ષિક આશરે ૬૦ થી ૯૦ મિલિયન ક્યુબિક પાણીનો બચાવ પણ કરી શકાશે.

## ઠાકોર સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ થયો

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદ નજીક વિસલપુરમાં અખિલ ગુજરાત ઠાકોર સમાજ આયોજિત સર્વપ્રથમ સમૂહ લગ્નોત્સવ ૪૪ અનાથ કન્યાઓ સહિત ૧૬૮ નવદંપતિઓને મંગલમય દામ્પત્યની શુભેચ્છા આપતા જણાવ્યં કે સામાજિક કુરિવાજોથી મૂક્ત રહીને જે સમાજ દિકરા-દીકરીના ભેદભાવ વગર શિક્ષણ આપે છે તે સમાજ આપોઆપ સર્વાંગિણ વિકાસ રહી શકે છે.

અખિલ ગુજરાત ઠાકોર સમાજના આગેવાનોએ સામાજિક ભૂણોથી દૂર રહીને ડૂંગર કરીને લગ્નના ખોટા ખર્ચમાંથી અને ઠાકોર કુટુંબોને ઉગાર્યા છે તે માટે સમાજના અગ્રણીઓ સમૂહ લગ્ન માટે તત્પર બનેલા કુટુંબો અને નવયુગલોને પણ તેમણે અભિનંદન આપ્યા હતા.મુખ્યમંત્રીએ દિકરીઓની ભૃણ હત્યાના પાયારૂપ કલંકના ભાગીદાર નહીં થવાની હૃદયસ્પર્શી અપીલ કરી દીકરીઓને પણ ભણવાનું પૂરું પ્રોત્સાહન મળે એ માટે સમાજના પ્રત્યેક પરિવાર અને આગેવાનોને અનુરોધ કર્યો હતો.

## પીએચડી પ્રવેશ પરીક્ષામાં કુલ ૫૦૦ ઉમેદવાર હશે

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા પીએચડી કરવા માટે ૨૯મી એપ્રિલે લેવાનાર પ્રવેશ પરીક્ષામાં એન્જિનીયરીંગ, ફાર્મસી, એમબીએ અને એમસીએના ૫૦૦ ઉમેદવારોએ અરજી કરી છે. જીટીયુ દ્વારા એન્જિનીયરીંગ, ફાર્મસી, એમબીએ અને એમસીએમાં પીએચડી કરવા માટે વિદ્યાર્થીઓ પાસે અરજી મંગાવવામાં આવી હતી.

# ગુણોત્સવને આત્મસાત કરી શિક્ષકો ગુણોના પુજારી બને

## સર્વશિક્ષા અભિયાન હેઠળ ઉપગ્રહ દ્વારા શિક્ષક સજ્જતા તાલીમ શિબિરનો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાત ૨.૨૧ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોના ઉપગ્રહ મારફતે શિક્ષક સજ્જતા તાલીમ શિબિરનો પ્રારંભ કરાવતાં પ્રાથમિક શિક્ષણને ગુણવાન બનાવવા, પોતાના શિક્ષક તરીકેના સામર્થ્યની પ્રતિતી કરાવવાનું પ્રેરક આહ્‌વાન કર્યું હતું.

ગાંધીનગરમાં બાઈસેગ સ્ટુડિયોમાંથી એજ્યુસેટ-ઉપગ્રહ મારફતે રાજ્યભરના ૪૨૬૮ સીઆરસી કેન્દ્રોમાં ઉપસ્થિત રહીને તમામ પ્રાથમિક શાળાના દશ દિસની તાલીમથી બાળકોની ઉજ્જવળ આવતીકાલના ઘડતર માટેનું માનનીય માર્ગદર્શન મુખ્યમંત્રીએ વાર્તાલાપમાં આપ્યું હતું.

સાચા અર્થમાં શિક્ષક પોતે જ નિત્યનૂતન શૈક્ષણિક પ્રવાહો અને પરિવર્તનોને આત્મસાત કરનારો વિદ્યાર્થી છે એમ જણાવી મોદીએ ધો.૫ અને ૮ના આ વર્ષના નવા શૈક્ષણિક અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને સર્વ શિક્ષા અભિયાનનું



મિશન સફળ બનાવવા તથા ગુણોત્સવને આત્મસાત કરી ગુણોના પુજારી બનવાના શિક્ષકોને પ્રેરક દ્રષ્ટાંતો આપ્યા હતા.

બાળક તો શક્તિ સામર્થ્યનો પૂંજ છે અને શિક્ષકનો આરાધ્યદેવ તથા શાળાનું કેન્દ્રબિન્દુ બાળક છે તેથી બાળક અને શિક્ષકનો નાતો અદ્વૈત છે એની પ્રેરણા આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે હોશિયાર બાળક માનીતા અને નબળાની ઉદાસિનતા એવી બે આંખ શિક્ષકની હોઈ શકે જ નહીં, નબળાની તો વધુ કાળજી લેવાની છે. સારા વિદ્યાર્થીની પ્રત્યે મમતાની આંખ અને નબળાને આંખમાં રાખવાની માનસિકતા સાચા શિક્ષકની હોય જ નહીં એમ તેમણે માર્મિક દ્રષ્ટાંત આપતાં જણાવ્યું હતું.

આ તાલીમ શિક્ષકની લર્નિંગ પ્રોસેસમાં નવા મૌલિક ફેરફારોથી વર્ગ-શિક્ષણ ઉપરાંત બાળકના માનસ-ઘડતરમાં નવી પ્રાણશક્તિ બને તેની ભૂમિકા સમજાવતા મોદીએ જણાવ્યં કે, શાળામાં સ્વચ્છતાનું વાતાવરણ બનશે તો પણ શિક્ષણનું આખું વાતાવરણ બદલાઈ જશે. બાળકના મનને અભ્યાસ માટે સહજ રીતે તૈયાર કરવામાં શિક્ષકનું કૌશલ્ય છે. આ હેતુસર શિક્ષકનો પ્રત્યેક વિદ્યાર્થીના વાલી-પરિવાર સાથે જીવંત સંપર્ક રહેવો જોઈએ. શિક્ષકની પ્રત્યે આદરભાવ તો જ જાગે જો બાળકનું મન શાળામાં તનાવ કે વિસંવાદિત બને નહીં.

## ગાંધીનગર મહુડી રોડ ઉપર રેતીના ટ્રકોનો ત્રાસ

ગાંધીનગર, તા. ૨૩

પેથાપુર ચોકડીથી મહુડી તરફ જતાં માર્ગ ઉપર ટ્રકોની અવરજવર અત્યારે ખૂબ વધી જવા પામી છે. આ રેતી કામ ચાલતું હોય છે. આ રેતી એમણે એવી રીતે લઈ જવાની હોય છે કે બીજા કોઈ વાહન ચાલક ને તે અડચણ પહોંચે નહીં પરંતુ પોતાના ટ્રકમાં ખુલ્લામાં લઈ જવાની આ રેતીથી ઘણા વાહન ચાલકો પરેશાન થાય છે. તેમની આંખમાં આ રેતી ઉડીને પડે છે. આનાથી અકસ્માત થવાનો ભય રહે છે. આની સાથોસાથ તે ટ્રક વાળાઓનું ડ્રાઈવીંગ પણ એટલું જ બેજવાબદાર પૂર્વક હોય છે કે, સામેવાળા વાહનને જ સંભાળીને ચલાવવું પડે. આ ટ્રકો ઉપર તાડપત્રી જેવું કાંઈ ઢાંકવામાં આવે. અને તેમની સ્પીડ નિયંત્રણ હેઠળ લેવામાં આવે. તેથી પ્રજા નો અવાજ ઉઠવા પામ્યો છે.

## ઈસનપુર મોટા ગામેથી સેજલબેન રબારી લાપતા

ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામેથી પ્રભાતભાઈ જોરાભાઈ રબારી રહેવાસી વિહતનગર બજરંગ આશ્રમની સામે કેવડાજીની ચાલીની રોલ, અમદાવાદની દિકરી નામે સેજલબેન પ્રભાતભાઈ રબારી (ઉ.વ.૧૬) અસ્થિર મગજના કારણે તા. ૧૦મી એપ્રિલના રોજ ૧૨ વાગ્યાના સુમારે ઈસનપુર મોટા ગામેથી કોઈને કહ્યા વગર કયાંક જતા રહેલ છે. ગુમ થનાર સેજલબેન શરીરે મધ્યમ બાંધો, રંગે ઘઉંવર્ણી, મોઢું ગોળ, ઊંચાઈ આશરે પાંચ ફુટ શારિરીક વિશેષતા ધરાવે છે. તેણીની ગુજરાતી ભાષા જાણે છે. તેણીનીએ શરીરે મરૂન કલરનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. આ અંગે ગુમ થનાર સેલજબેનના પિતાએ ચિલોડા પોલિસ સ્ટેશનમાં ૧૧મી એપ્રિલે જાણવા જોગ અરજી આપેલ છે તેના આધારે પોલીસ તપાસ ચલાવી રહી છે.

## આજે ગાંધીનગરમાં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની સમીક્ષા બેઠક યોજાશે

રાષ્ટ્રિય અનુસુચિત જાતિ આયોગની સમીક્ષા બેઠક માનનીય શ્રી રાજુભાઈ પરમાર માનનીય સભ્યશ્રી, નેશનલ કમિશન ફોર શીડયુલ કાસ્ટ ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા નવી દિલ્હીના અધ્યક્ષ સ્થાને અનુસુચિત જાતિઓની રીઝેર્વેશન પોલીસી અને આર્થિક અને સામાજીક વિકાસના અમલીકરણ માટેની રીવ્યું મિટીંગ ગાંધીનગર ખાતે યોજાનાર છે. અનુસુચિત જાતિઓના મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓના વેલ્ફેર એસોસીએશન, સંસદસભ્યશ્રી, માનનીય ધારાસભ્યશ્રી તથા કોર્પોરેશનના કોર્પોરેટરશ્રીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના -તિનિધિશ્રીઓ સાથે તા. ૨૪/૪/૨૦૧૨, સમય - ૧૫-૦૦ કલાકે અને ત્યારબાદ ૧૬-૦૦ કલાકે ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપસથિતિમાં ઉચ્ચ અધિકારીશ્રીઓ સહિત અનુસુચિત જાતિઓના કર્મચારીઓની રિઝર્વેશન પોલીસી અને સર્વિસ સેફગાર્ડ અને કલ્યાણ યોજનાઓ સંબંધેની ચર્ચા આ બેઠકમાં કરવામાં આવશે.

# ક્રેડીટ કાર્ડથી છેતરપિંડી કરતો મુંબઈનો ભેજાબાજ ઝડપાયો

અમદાવાદ, તા. ૨૩

બનાવટી ક્રેડીકકાર્ડ બનાવી ઠગાઈ કરતી ગેંગના મુખ્ય ભેજાબાજ અને મુળ મુંબઈના શખ્સને ક્રાંઈમબ્રાંચે ઝડપી પાડ્યો છે. ક્રાંઈમ બ્રાંચે તેની સઘન પુછપરછ હાથ ધરી છે.

ઘટનાની વિગત એવી છે કે સાયબર ક્રાઈમ સેલના મદદનીશ પોલીસ કમિશ્નર કેએન પટેલની સુચના આધારે સાયબર ક્રાંઈમ સેલના પોલીસ કોન્સટેબલ વિષ્ણુકુમાર હીરાભાઈનાઓને મળેલી બાતમી આધારે સેટેલાઈટ ઈસ્કોન ચાર રસ્તા પાસેથી સફેદ રંગની ગાડીના ચાલકને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી સીલબંધ બોક્ષમાં સેમસંગ કંપનીના ગેલક્ષી-૩ તથા ગેલક્ષી નોટ મોડલના મોબાઈલ ફોગ નંગ-૪, બ્લેક બેરી મોબાઈલ ફોન નંગ-૧, નોકીયા કંપનીનો મોબાઈલ ફોન નંગ-૧, તેમજ નોકીયા, સેમસંગ, મોટોરોલા, રીલાયન્સ એલજી કંપનીના મોબાઈલ ફોન નંગ-૬, ક્રેડિટ કાર્ડ સ્વેપિગ મશીન પાવર ઈન્વેટર, ઓડિયો સીસ્ટમ કિટ, પાવર એડેપ્ટર ક્રેડીટકાર્ડ મળી આવ્યા હતા.

જે અંગે ચાલક દેવાનંદ મારૂતી કોંકને નાને પુછપરછ કરતાં મળી આવેલ ક્રેડીકટકાર્ડમાં રહેલા ડેટા વિદેશની બેંકોના ક્રેડીટકાર્ડ ધારકોનો છે જે ડેટા તેના સાગરીત હુકમસીંગ પૃથ્વીસીંગ રાવ, વિક્રમસીંગ પૃથ્વીસીંગ રાવ રહે. ભીનમાલ, રાજસ્થાનનાએ મળી વિદેશના કોઈ ઈસમ પાસેથી ડેટા સાધન સામગ્રી મારફતે ક્લોન (બનાવટી) ક્રેડીટકાર્ડ તૈયાર કરેલ તે આ ક્રેડીટકાર્ડ છે. અને આ ક્રેડીટકાર્ડ તથા બ્રિજેશ પટેલ ઉર્ફે ગોવિંદ કાકા રહે. અમદાવાદનાઓએ ભેગા મળી અમદાવાદ શહેરના વિવિધ મોલો મારફતે તેના સાગરીતો સાથે ગોવા, મુંબઈ તથા અમદાવાદમાં અગાઉ પણ લાખોની ખરીદી કેરલી હોવાની કબલાત કરી હતી.

આમ જાહેર જનતાને ક્રાઈમ બ્રાન્ચનો અનુરોધ ચે કે, પોતાની પાસેના ક્રેડીટકાર્ડ તથા કોડેડ બેંક ડેટા જેવી માહિતી અન્ય કોઈ અજાણી વ્યક્તિને આપતા પહેલા તેની વિશ્વસનિયતા ચકાસી લેવી જોઈએ અને બેંકીગના કોડેડ ડેટા પોતાના સુધી સિમિત રાખી જાહેર ન કરવા જોઈએ.

## શબ્દાવલી - ૪૭૦૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ■ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | | ■ |
| ■ | ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ |
| ૧૫ | ૧૬ | | ■ | | ■ | ૧૭ | |
| ■ | ૧૮ | | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | | ■ | | ■ | ૨૧ | |
| | ■ | | ■ | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. કોટન, સુતરનું બનેલું (૪)
૫. અપવિત્ર (૩)
૮. હારેલું (૪)
૯. સુદ અને.... (૨)
૧૦. 'પોર' શબ્દ ઊંધો (૨)
૧૧. રજવાડાને લગતુ (૪)
૧૩. ભવાઈમાં આવતો વાણિયાનો વેશ .... ભાઈ (૩)
૧૫. કાઢો, ઉકાળો (૩)
૧૭. રેત, ધૂળ (૨)
૧૮. પગના સાંકળા, ટોડા (૨)
૧૯. હાસ્યની વાત (૨)
૨૦. .... દઈને પડવું, પડવાનો અવાજ (૩)
૨૧. નક્કી (હીન્દીમાં) (૨)
૨૨. ધાંધલ...., તોફાન (૩)

### ઊભી ચાવી

૧. વધારે, અતિ, સુપર્બ (૩)
૨. વાંસ અને લાકડાનો એકબીજાની સાથે બાંદી બનાવેલ પાણીમાં તરે તેવી પાટ (૩)
૩. ખુશ (૨)
૪. વાસણ ઉપર વાસણ, ચડ ઉતર બેડા ગોઠવેલા હોય તેવું (૪)
૬. ખડાઉ, પાદુકા, ચપ્પલ (૩)
૭. લંબાઈ-પહોળાઈ વગેરેનું માપ (૨)
૧૨. એકદમ યુવાન (૫)
૧૩. તકરાર, રખડપટ્ટી (૫)
૧૪. વસ્તુઓ, ચીજવસ્તુ (૫)
૧૬. ખૂબ વાતો કરનાર સ્ત્રી (૩)
૨૦. ગાયો ભેંસનું ટોળું (૨)
૨૧. પરવા, ફિકર (૨)

### શબ્દાવલી ૪૭૦૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરોપકાર (૪) બસ (૬) રંક (૭) દરકાર (૯) પકવાન (૧૧) ટલુ (૧૨) રાળ (૧૩) પાશાણ (૧૬) ઑવન (૧૭) જેલ (૧૮) તલસાટ (૨૦) નારદ (૨૧) ખડ (૨૨) સાર (૨૩) નેણ (૨૪) ઉમેદવાર

**ઊભી ચાવી :-** (૧) પરંપરાગત (૨) રોક્કળ (૩) રદ (૪) બકાલુ (૫) સર (૮) રટણ (૧૦) નપાવટ (૧૪) શાન (૧૫) જલદ (૧૬) ઓસાડ (૧૭) જેર (૧૯) લખણ (૨૦) નારદ (૨૨) સામે

## બહુમાળી ભવનનું ખાતમુહૂર્ત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગ્રાઉન્ડ+ છ મજલાની ઈમારત બનશે અને ૧૪,૭૬૦ ચો.મી. જગ્યા આ કચેરીઓ માટે ઉપલબ્ધ બનશે. અત્યંત આધુનિક ડિઝાઈન ધરાવતી આ કચેરીમાં જિલ્લા કક્ષાની ૧૮ થી વધુ કચેરીઓને જગ્યા ફાળવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંજે ૫.૧૫ કલાકે આ કચેરી માટેનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. રૂ. ૨૪ કરોડના ખર્ચે થનાર આ કચેરીમાં જળસંયની સુવિધા સહિત આકર્ષક લુક અને પાર્કિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

જિલ્લાના મુખ્ય બસ મથક નજીક જ આ કચેરી આકાર પામવાની હોવાથી લોકોને હેરાનગતિ ઓછી થશે એટલુ જ નહિ એક જ કચેરીમાં બધી કચેરીઓ ઉપલબ્ધ બનતાં લોકોના સમયનો પણ બચાવ થશે.

મહાત્મા મંદિરના નિર્માણ વેળાએ તોડી પડાયેલ સ્ટેમ્પડ્યુટી ભવન પણ નવીન બનાવવાની સરકારે કરેલી જાહેરાતના પગલે સે. ૧૪ ખાતે દિનદયાલ કોમ્પ્લેક્ષ નજીક જ આ નવી કચેરીના મકાનનું બાંધકામ હાથ ધરવામાં આવનાર છે.

નવહજાર ચો.મી. જગ્યામાં આ કચેરીનું બાંધકામ રૂ. ૧૩ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. આધુનિક સુવિધાઓ અને આકર્ષક ડિઝાઈન આ કચેરીનું આગવું આકર્ષણ હશે.

સાંજે સાડા પાંચ વાગે મંત્રીશ્રીના હસ્તે આ કચેરીનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. આ સ્ટેમ્પડ્યુટી ભવન ખાતે સ્ટેમ્પડ્યુટી મૂલ્યાંકન ઉપરાંત સેટલમેન્ટ કમિશનરેટની કચેરી પણ કાર્યાન્વિત કરવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરમાં રાજ્યકક્ષાની કચેરીઓ તથા બંધારણીય સંસ્થાઓની કચેરીઓ માટે બહુમાળી ભવન બનાવવા માટેનો પણ નિર્ણય કર્યો છે અને તે માટેના બે બ્લોકના નિર્માણનો ખાતવિધિ ગત પખવાડિયામાં જ માર્ગ-મકાન મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે સંપન્ન થયો હતો જે ઉલ્લેખનીય છે.

સરકારી કચેરીઓ આધુનિક સુવિધા ધરાવતી બને તેમજ તેનો કોર્પોરેટ લુક હોવો જોઈએ તે સરકારનો અભિગમ સ્પષ્ટ છે. સરકારે સચિવાલય સંકુલને પણ કોર્પોરેટ લુક આપવાનો નિર્ણય આ અભિગમ અંતર્ગત જ કર્યો છે જે ઉલ્લેખનીય છે.

## ઘરફોડ ચોરીનો ભેદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આધારે રવિવારે રાત્રીના સમયેવિજાપુરથી હિંમતનગર માર્ગ પર આવેલ એન.જી. સર્કલ પાસે વોચ કરી રહ્યા હતા દરમ્યાન બાતમી વાળી બાઈક નંબર જીજે-૯-પી-૬૮૦૯ પર ત્રણ જણા આવી રહ્યા હતા તેમને રોકી તપાસ કરતા તેમની પાસેથી સોનાનો હાર નંગ ૧,૬૦ હજાર ૯૦૦નો તથા રોકડ ૧૯૦૦૦ મળી આવેલ જેથી પોલીસે બાઈક રૂ. ૧૦ હજારનું મળી કુલ ૮૯ હજાર ૯૦૦નો મુદ્દામાલ સાથે ટીનાભાઈ રામાભાઈ બજાણીયા (ઉંમર-૨૪, મૂળ રહે હસનનગર,વણઝારાવાસ, હિંમતનગર જિલ્લો સાબરકાંઠા હાલ રહે આગલોડ તા. વિજાપુર જિલ્લો મહેસાણા), શંકરભાઈ લક્ષ્મણભાઈ બજાણીયા (ઉંમર-૧૯, મૂળ રહે. ધાણધા તા. હિંમતનગર હાલ રહે. પરબડા તા. હિંમતનગર જિલ્લો સાબરકાંઠા અને રાકેશભાઈ અમરતભાઈ બજાણીયા (ઉં. ૧૯ રહે. બજાણીયા વાસ, નવા પાંજરા પોળ પાસે,વિજાપુર. તા. વિજાપુર જિલ્લો મહેસાણા)ને પકડી પૂછપરછ કરતા પકડાયેલા ત્રણે યુવાનો બે ચોરી કર્યાનું કબુલ્યું હતું. જેમાં અઢી માસ પહેલા મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવાઈ ગામના સ્ટેન્ડ પાસે રાત્રીના સમયે મોબાઈલ દુકાનનું તાળુ સળિયાથી તોડી ચાર નવા અને ત્રણ જૂના મળી સાત મોબાઈલની ચોરી કરેલ હોવાનું કબુલ્યું હતું. જયારે બીજી ચોરી ગાંધીનગરમાં પોણા ત્રણેક માસ પહેલા સેક્ટર-૫માં બંધ બે માળના મકાનના દરવાજાનો નકુચો તોડી અંદરથી તિજોરી તોડી તેમાંથી અને બીજા કબાટોમાંથી મળી કુલ ચાર થી પાંચ સોનાની ચેઈનો, સોનાનો હાર, સાત થી આઠ જોડી સોનાની બુટ્ટીઓ, સોનાના પાટલા, વીંટીઓ, એક કેમેરો, એક કાંડા ઘડિયાળ અને રોકડા રૂ. આશરે ૧૦ હજાર મળી કુલ ૧૦ લાખથી વધુના માલમત્તાની ચોરી કરી હતી તેવું પણ કબુલ્યું હતું. પોલીસે પકડાયેલા ત્રણે યુવાનોને હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધી સોંપી દીધેલ હતા. જેમને રાત્રીના જ ગાંધીનગર પોલીસ ચોરીના ગુનામાં લઈ ગઈ હતી.


**National Institute of Fashion Technology**
(Ministry of Textiles, Government of India)
GH-0 Extension Road, Near Infocity, Gandhinagar-382007
Phone No. 079-23240832, 23240834, 23265000, Fax : 079-23240772

**NOTICE INVITING TENDER**

**TENDER NOTICE NO.: 01, 02/2012-13/NIFT/GNR**

The Registrar, NIFT, Gandhinagar invites tenders from interested bidders having experience of similar works in organizations/ institutes of repute with statutory registrations for providing such types of services.

| Tender Notice No. | Descriptions | Last date of Tender Submission upto 3.00 pm | Date of Opening of Tender at 4.00 pm | Price of Tender Forms ₹ |
|---|---|---|---|---|
| 1 | Annual Rate Contract for Canteen Contract | 14/05/2012 | 14/05/2012 | 1000.00 |
| 2 | Annual Rate Contract for Hiring of Vehicle (Indica-Diesel) | 15/05/2012 | 15/05/2012 | 500.00 |

Detailed terms and conditions are given in priced Tender Form (not transferable) which can be obtained from this office between 10.00 Hrs. to 17.00 Hrs. every day except Saturday, Sunday and Public Holidays, but on the opening day, the tender form can be obtained up to 2.00 P.M. only on payment of prescribed Tender Fee in the form of Cash OR Demand Draft (non refundable) issued in favour of National Institute of Fashion Technology, payable at Ahmedabad. The notice inviting tenders may be downloaded from website www.nift.ac.in/ gandhinagar. However Additional information if required, kindly contact this office during office hours only.

Date : 24-04-2012

Sd/-
Registrar